For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### એવું નથી કે સામાન્ય બ્રિજમાં ખામી થાય છે, MMTHના એલિવિટેડ બ્રિજના પિલરમાં પણ ખામી સર્જાતા તોડવો પડ્યો





» સુરતમાં નવા રેલવે સ્ટેશન MMTH માટે હાલમાં કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં એલિવેટેડ બ્રિજનો પિલર ખામીવાળી ડિઝાઈનને કારણે બેન્ડ થઈ ગયો હતો. આમ તો આ ઘટના દોઢ માસ જૂની છે પરંતુ હાલમાં વિડીયો વાઈરલ થતાં વિવાદ શરૂ થયો હતો. ખામીયુક્ત ડિઝાઈનને કારણે આ એલિવેટેડ બ્રિજનો પિલર તોડી પાડવાની ફરજ પડી છે.

### સુરતના નવા રેલવે સ્ટેશન માટેની કામગીરીમાં ભારે લોલમલોલ

# MMTH: ખામીને પગલે 450 કરોડના એલિવેટેડ બ્રિજનો પિલર તોડી પડાયો

**રેલવેએ** સ્ટેજિંગની ખામીને કારણે પિલર હટાવાયો હોવાનું જણાવ્યું

સુરતઃ સુરત સ્માર્ટ સિટીના સૌથી મહત્વકાંક્ષી અને આઇકોનિક પ્રોજેક્ટ્સ પૈકીના એક એવા મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ પ્રોજેક્ટ અંતર્ગત હાલમાં મોટી વિવાદની સ્થિતિ ઊભી થઈ છે. સુરત રેલવે સ્ટેશનને વૈશ્વિક સ્તરનું આધુનિક લુક આપવા માટેની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. આ જ પ્રોજેક્ટના એક ભાગરૂપે સહારા દરવાજાથી સુરત રેલવે સ્ટેશનને જોડતો અંદાજે 450 કરોડ રૂપિયાના ખર્ચે એલિવેટેડ રોડ (બ્રિજ) બનાવવામાં આવી રહ્યો છે. આ બ્રિજનું નિર્માણ કાર્ય સિટકો કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. પરંતુ હાલમાં કંપની દ્વારા ઊભા કરવામાં

...અનુસંધાન પાના ૭ પર

### સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ થતાં આક્ષેપોનો દોર શરૂ થયો

આ સમગ્ર વિવાદની શરૂઆત સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વિડીયોથી થઈ હતી. વાયરલ વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાતું હતું કે, નિર્માણાધીન બ્રિજનું સપોર્ટિંગ સ્ટ્રક્ચર (ટેકો) હટાવતી વખતે તેનો મુખ્ય ગર્ડર એક તરફ નમી ગયો હતો. ગર્ડર નમી જવાની આ ઘટના બાદ સિટકો કંપની દ્વારા તાત્કાલિક યુદ્ધના ધોરણે સાઇટ પરથી બે પિલ્લર ઉતારી પાડવાની કામગીરી શરૂ કરવામાં

...અનુસંધાન પાના ૭ પર

### અધિકારીઓના વિરોધાભાસી નિવેદનોથી વધી મૂંઝવણ

કન્સ્ટ્રક્શન સાઈટ પર પિલ્લરો તોડી પાડવાની ઘટના અંગે જ્યારે મીડિયાએ સવાલો ઉઠાવ્યા ત્યારે શરૂઆતમાં સ્થળ પરના અધિકારીઓએ એવો લૂલો બચાવ કર્યો હતો કે બ્રિજની ડિઝાઈનમાં ફેરફાર કરાયો હોવાના લીધે પિલ્લર

...અનુસંધાન પાના ૭ પર

### આખરે રેલવેનો સત્તાવાર ખુલાસોઃ ખામીયુક્ત પિલર તોડાયો

વિવાદ વધુ વકરતા આખરે રેલવે વિભાગ દ્વારા આ મામલે સત્તાવાર ખુલાસો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં સાચી હકીકત સામે આવી છે. રેલવે પ્રવક્તાએ જણાવ્યું કે, જે વિડીયોની ચર્ચા સોશિયલ મીડિયામાં થઈ રહી છે, તે ઘટના

...અનુસંધાન પાના ૭ પર

હવે આ આગાહી સાચી પડે તો સારું

# આજે દ.ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદનું 'યલો એલર્ટ'

**40થી 50** કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવા સાથે ગાજવીજની પણ આગાહી

**આગામી** દિવસોમાં ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદનું જોર વધશે

ગાંધીનગરઃ ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી હવે નજીક આવી રહી છે. હવામાન વિભાગે આગામી 2થી 3 દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ગુજરાતના વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ હોવાનું જણાવ્યું છે. આ સાથે આવતીકાલે તા. 24 જૂને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદ પડી શકે છે. ઉપરાંત

...અનુસંધાન પાના ૭ પર

### સુરત જિલ્લામાં હજુ ચોમાસું શરૂ થયું નથી, છૂટાછવાયાં ઝાપટાં

સુરતઃ સુરત શહેરમાં આજે દિવસભર વાદળછાયું અને વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતાં લોકોને ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 33 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો થઈ 28.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગના

...અનુસંધાન પાના ૭ પર

### મજબૂત વરસાદી સિસ્ટમનો અભાવ, છતાં પરિસ્થિતિ અનુકૂળ

હાલમાં અરબી સમુદ્ર અથવા બંગાળની ખાડીમાં કોઈ મજબૂત વરસાદી સિસ્ટમ સક્રિય નથી. જોકે વરસાદ માટે જરૂરી અનુકૂળ હવામાનીય પરિબળો સર્જાઈ ચૂક્યા છે. ભેજયુક્ત પવનો, વાદળોની અવરજવર અને પ્રિમોન્સૂન પ્રવૃત્તિઓને કારણે આગામી દિવસોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ડેડિયાપાડા વન વિભાગની જમીન પ્રકરણમાં વનકર્મીઓને માર મારવાના કેસમાં

# આપના ધારાસભ્ય ચૈતર વસાવાને સાત વર્ષની કેદની સજાનો હુકમ

**ચૈતર** વસાવા સામે હવામાં ફાયરિંગ કરી જાનથી મારી નાંખવાની ધમકીનો કેસ હતો



રાજપીપળા, સાગબારાઃ ડેડિયાપાડા વિસ્તારમાં વન વિભાગની જમીન સંબંધિત વર્ષો જૂના કેસમાં મંગળવારે રાજપીપળા સેશન્સ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમની પત્ની સહિત કુલ 9 આરોપીને દોષિત ઠેરવી ચૈતર વસાવાને 7

...અનુસંધાન પાના ૭ પર

### ચૈતર વસાવા, તેમની પત્ની સહિત કુલ 9 આરોપી દોષિત, ધારાસભ્ય પદ જોખમમાં

ભારતીય બંધારણ અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ અનુસાર જો કોઈ સાંસદ કે ધારાસભ્યને 2 વર્ષ કે તેથી વધુની જેલની સજા થાય તો તેમનું સભ્યપદ તાત્કાલિક અસરથી રદ થઈ જાય છે. ચૈતર વસાવાને 7 વર્ષની સજા થઈ હોવાથી તેમનું ધારાસભ્ય પદ હવે રદ થવાના આરે છે. હવે વસાવા પાસે હાઇકોર્ટમાંથી સજા પર સ્ટે મેળવવાનો એકમાત્ર વિકલ્પ બચ્યો છે.

### ભાજપે બદલાની રાજનીતિથી ખોટો કેસ ઊભો કરી સજા કરાવી હોવાનો આપનો આક્ષેપ

સુરતઃ આપના ધારાસભ્ય ચૈતર વસાવાને કરાયેલી સજાના સંદર્ભમાં સુરત ખાતે 'આપ'ના પ્રદેશ ઉપપ્રમુખ રામ ધડુક, પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણી અને ચિત્રેશ અનાજવાલાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું છે કે, ચૈતર વસાવા સડકથી લઈને વિધાનસભા સુધી આદિવાસી સમાજના હકો, જમીન, જંગલ અને શિક્ષણ માટે સતત અવાજ ઉઠાવતા આવ્યા છે. તેમની વધતી જતી લોકપ્રિયતા અને તેમના નેતૃત્વમાં નર્મદા જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોમાં ભાજપના થયેલા

...અનુસંધાન પાના ૭ પર

# પિતાને ફાંસો ખાતા જોઈ પુત્રએ કાકાને ફોન કર્યો, પણ કાકા સમજી શક્યા નહીં!

**છેલ્લો** 4 વર્ષનો પુત્ર મહોલ્લામાં દોડીને લોકોને લઈ આવ્યો પરંતુ પિતાનું મોત થઈ ચૂક્યું હતું

**અડાજણમાં** નશાની લતને કારણે પત્ની છોડીને જતી રહેતા પતિએ ફાંસો ખાધો

સુરતઃ અલથાણમાં નશાની લતને કારણે પત્ની છોડીને ચાલી જતાં પતિએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આજે બપોરે પિતાને લટકેલી હાલતમાં જોઈને ચાર વર્ષનો પુત્ર મોહલ્લામાં દોડીને લોકોને ભેગા કરીને લઈને આવ્યો હતો. જેથી સ્થાનિક લોકો દોડી આવ્યા અને અક્ષયને નીચે ઉતારીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. પરંતુ તેમને બચાવી શકાયા ન હતા.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની અક્ષય ભાવુલાલ સિંગને (ઉ.વ.29) હાલમાં અલથાણ-ભટાર ખાતે આવેલા ઈન્દિરાનગરમાં પત્ની નેહા તેમજ ચાર વર્ષના પુત્ર આયુષ સાથે રહેતા હતા. તે મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. અક્ષયને દારૂ પીવાની કુટેવ પડી ગઈ હતી. જેથી તેમની પત્ની તેમને છોડીને ચાલી ગઈ હતી. પરંતુ પરિવારના સમજાવ્યા બાદ અને અક્ષયે દારૂ નહીં પીવાની વાત કરતા તે ફરી આવી ગઈ હતી. હાલમાં ત્રણેક દિવસથી અક્ષય ફરી દારૂ પીવા લાગ્યો હતો. જેથી તેમની પત્ની તેમને અને પુત્રને મૂકીને ચાલી ગઈ હતી. પત્ની પરત નહીં આવતા તણાવમાં આવીને આજે બપોરે અક્ષયે

...અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં ગત વર્ષે 545 મીમી વરસાદ હતો, પરંતુ આ વર્ષે માંડ ૨૮ મીમી!

**સુરત** જિલ્લામાં વરસાદના 23 જૂન સુધીના આંકડાઓ ચિંતાજનક

**સુરત** શહેરમાં 516 મીમી, કામરેજમાં 481 મીમી અને પલસાણામાં 410 મીમી ઓછો વરસાદ

**ઉમરપાડા** સિવાય મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નગણ્ય

**23 જૂન સુધીની તાલુકાવાર વરસાદની સ્થિતિ (mm)**

| તાલુકો | 23 જૂન 2025 | 23 જૂન 2026 | ઘટાડો |
|---|---|---|---|
| ઉમરપાડા | 480 | 117 | 363 |
| ઓલપાડ | 375 | 16 | 358 |
| કામરેજ | 531 | 50 | 481 |
| ચોર્યાસી | 185 | 05 | 180 |
| પલસાણા | 422 | 12 | 410 |
| બારડોલી | 367 | 08 | 358 |
| મહુવા | 167 | 44 | 123 |
| માંગરોળ | 333 | 01 | 332 |
| માંડવી | 211 | 04 | 207 |
| સુરત | 545 | 28 | 516 |

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર શરૂઆત થઈ ગઈ હોવા છતાં સુરત જિલ્લામાં વરસાદની ગતિ હજુ ધીમી જોવા મળી રહી છે. ગયા વર્ષે 23 જૂન સુધીના નોંધાયેલા વરસાદના આંકડાઓની તુલનામાં આ વર્ષે 23 જૂન, 2026 સુધીમાં વરસાદમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જિલ્લાના લગભગ તમામ તાલુકાઓમાં ગયા વર્ષની સરખામણીએ વરસાદના આંકડાઓમાં મોટો તફાવત જોવા મળ્યો છે, જેના કારણે ખેડૂતો અને જળસંચય તંત્રની ચિંતા વધી છે.

સુરત શહેરમાં ગયા વર્ષે 23 જૂન સુધી 545 મીમી વરસાદ નોંધાયો હતો, જ્યારે આ વર્ષે માત્ર 28 મીમી વરસાદ નોંધાતા 516 મીમીનો મોટો ઘટાડો સામે આવ્યો છે. શહેરમાં વરસાદની અછતને કારણે ગરમી અને ભેજનું પ્રમાણ યથાવત રહેતાં લોકો અકળાઈ રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે અત્યાર સુધી વરસાદની અછતને કારણે ખેતીના

...અનુસંધાન પાના ૭ પર

# કતારમાં ભીમપોરના યુવાનનો કોઈ પત્તો નથી!

**LPG** રિફાઈનરીમાં થયેલા બ્લાસ્ટમાં ભીમપોરનો સન્ની પટેલ ગુમ થઈ ગયો હતો

**પત્ની** અને પરિવારજનો પ્રાર્થનામાં, કતારમાં ભાઈની શોધખોળ શરૂ



સુરતઃ કતારના વિશ્વના સૌથી મોટા એલપીજી રિફાઈનરી પર રવિવારે થયેલા વિસ્ફોટમાં ગુમ સુરતના એક અને દમણના બે સહિત ચાર ગુજરાતીઓનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. લાપત્તા પેકી સુરતના ભીમપોર ગામના મોટા મોહલ્લામાં રહેતા 39 વર્ષીય યુવક સન્ની ચંપકલાલ પટેલની હજુ સુધી કોઈ જ

...અનુસંધાન પાના ૭ પર



### બ્લાસ્ટમાં દમણનો પણ એક યુવક લાપત્તા હોવાની આશંકા

કતારની આ ઘટનામાં દમણના એક વિસ્તારમાં રહેતો યુવક પણ લાપત્તા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો, કે આ યુવક લાપત્તા થયો છે કે કેમ તે અંગે કોઈપણ પ્રકારની સત્તાવાર જાણકારી અધિકારીક રૂપથી મળવા પામી નથી. હાલ સોશિયલ મીડિયામાં દમણના યુવાનને લઈ અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે.

### ભારતીય એમ્બેસી રવિ સાથે સંપર્કમાં છે

ડુમસ પીઆઈ એમ. વી. પટેલે જણાવ્યું કે સમગ્ર મામલાની જાણ પોલીસ કમિશનર દ્વારા ગૃહમંત્રી તેમજ મુખ્યમંત્રીને કરવામાં આવી છે તેમજ કતાર ખાતેનું ભારતીય દૂતાવાસ પણ સન્નીના મોટા ભાઈ રવિ સાથે સતત સંપર્કમાં છે. જો કે હજી સુધી સન્ની પટેલ વિષે કોઈ આધારભૂત માહિતી મળી રહી નથી.

### સન્ની થોડા દિવસોમાં જ પરિવારને મળવા આવવાનો હતો

ગામલોકો તરફથી મળતી માહિતી મુજબ મોટા ભાઈ રવિની સંગાથે નોકરી માટે કતાર ગયેલ સન્ની આઠેક મહિનાના રોકાણ બાદ ટૂંક સમયમાં પરિવારને મળવા સુરત આવવાનો હતો. પરંતુ એ સામે હાલના સંજોગોમાં મોટો પ્રશ્નાર્થ લાગી ગયો છે. પરિવારની વાત કરીએ તો

...અનુસંધાન પાના ૭ પર

### ભીમપોરના ગ્રામજનોમાં રાજકીય આગેવાનો સામે રોષ

પરિવારની ચિંતા અને અનિશ્ચિતતા વચ્ચે એક અલગ જ પ્રકારની ચર્ચા ગામમાં જોવા મળી રહી છે. ગામની ચર્ચામાં ચાલી

...અનુસંધાન પાના ૭ પર

## એટીકેટી આવતા પિતાએ ભણવાની ના પાડતાં પુત્રીએ ઝેર પી લીધું

સુરતઃ વનિતા વિશ્રામ કોલેજની બીજા વર્ષની વિદ્યાર્થિનીએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. પરીક્ષામાં ATKT આવતાં પિતાએ ઠપકો આપ્યો હતો, જે વાતનું માઠું લાગી આવતા વિદ્યાર્થિનીએ આપઘાતનું પગલું ભરી લીધું હતું. મળેલી માહિતી મુજબ, કતારગામમાં રાશિ સર્કલ પાસે આવેલી હરીદર્શન સોસાયટીમાં દિનેશભાઈ ભાતિયા પરિવાર સાથે રહે છે અને રત્નકલાકાર તરીકે નોકરી કરે છે. તેમણે એક પુત્ર અને એક પુત્રી છે. જેમાં 19 વર્ષીય પુત્રી યેશા અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલી વનિતા વિશ્રામ કોલેજના બી.કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. યેશાને પહેલા સેમિસ્ટરમાં બે વિષયમા એટીકેટી આવી હતી. જોકે હાલમાં બીજા સેમિસ્ટરનું પરિણામ આવતા એક વિષયમાં એટીકેટી આવી હતી. જેના લીધે તેના પિતાએ યેશાને કહ્યું કે, તારે આગળ ભણવાનું નથી,

...અનુસંધાન પાના ૭ પર


અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

:: દુઃખદ અવસાન / બેસણું ::



દિલગીરી સહ જણાવવાનું કે મારા પત્ની ઉષાબેન ભરતભાઈ રાઠોડનું તા. ૨૩/૦૬/૨૦૨૬, મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
**સદ્દગતનું બેસણું:- તા.૨૫/૦૬/૨૦૨૬, ગુરૂવાર**ના રોજ **સવારે ૯ થી બપોરે ૧૨ કલાક** સુધી રાખેલ છે.
**(સ્થળ :- ૧, હરિદ્વાર બંગલો, જોથાણ ગામ, સુરત.)**
લિ.
ગં.સ્વ.મણિબેન છનાભાઈ રાઠોડ - ભરતભાઈ છનાભાઈ રાઠોડ
શિરીષભાઈ ભરતભાઈ રાઠોડ | મોનાલિસા શિરીષભાઈ રાઠોડ
પાર્થભાઈ ભરતભાઈ રાઠોડ | અસ્મિતાબેન પાર્થભાઈ રાઠોડ
તેજલબેન મૃગાંકભાઈ રાઠોડ | મૃગાંકભાઈ જતીનભાઈ રાઠોડ
સ્વ. ઉષાબેન ભરતભાઈ રાઠોડ
સ્વ.તા. ૨૩/૦૬/૨૦૨૬

દ્વિતીય પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ ૦૨.૦૫.૧૯૫૦
સ્વર્ગસ્થ તારીખ ૨૪.૦૬.૨૦૨૪
સ્વ. ધનુબેન દલપતભાઈ પટેલ
એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય.
હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઈ ગયો તાણી.
હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી,
તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી,
સદ્દગુરૂ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
દલપતભાઈ દયાળભાઈ પટેલ
ભરતભાઈ દલપતભાઈ પટેલ | દિનેશભાઈ દલપતભાઈ પટેલ
નૈતિક (જોની) ભરતભાઈ પટેલ | આયુષ દિનેશભાઈ પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર
સ્થળ : ભેસાણ ગામ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. ગુમાનભાઈ નાથુભાઈ આહીર
સ્વ.તા. ૨૪/૦૬/૨૦૨૫
મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સ્મરણ વધુ યાદગાર બને છે.
જેમા આપની સ્મૃતિ એક વરદાન છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
લિ.
ધવલ ગુમાનભાઈ આહીર | નેહલ ગુમાનભાઈ આહીર
તૃષ્ણા ધવલ આહીર | હીના નેહલ આહીર
ઝોઈ ધવલ આહીર | જેન્સી નેહલ આહીર
હિવા નેહલ આહીર
હરીશભાઈ ડી. વાંકાવાલા પરીવાર
યોગેશભાઈ આર. ત્રિવેદી પરીવાર

મોતાળા બ્રાહ્મણ દુઃખદ અવસાન



અમારી વ્હાલી દીકરી કુ. કશ્વી(ઉ.૧૩) ભવ્યેશ અધ્વર્યુનું દુઃખદ અવસાન તા. ૨૩-૬-૨૦૨૬ ના મંગળવારના રોજ થયું છે, જેની અંતિમયાત્રા તા. ૨૪-૬-૨૦૨૬ના બુધવારે સવારે ૮.૩૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી નીકળી ઉમરા રામનાથ ઘેલા સ્મશાને જશે.
લિ.
ભવ્યેશ ગોવિંદભાઈ અધ્વર્યુ(પિતા)
મમતા ભવ્યેશ અધ્વર્યુ (માતા)
મો. નં. 98250 24455, 98791 47987
નિવાસસ્થાન : ૨૦૧-શ્રી ગજાનંદ કોમ્પલેક્સ, ગોકુલમ ડેરીની પાસે, અઠવાલાઇન્સ, સુરત-૩૯૫૦૦૧
કુ. કશ્વી ભવ્યેશ અધ્વર્યુ
સ્વ.તા.૨૩/૦૬/૨૦૨૬

પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ



ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ પૂજ્ય 'મમ્મી'
'મમ્મી', તમે અમારા માટે માત્ર 'મા' ન હતા, તમે અમારું આખું વિશ્વ હતા. તમારા વગર ઘર, ઘર નથી લાગતું. તમારો અવાજ, તમારું હસવું, તમારી મીઠી ઠપકો... બધું જ યાદ આવે છે. તમે શીખવ્યું કે પ્રેમ કેવો હોય, ત્યાગ કેવો હોય. આજે તમે શરીરથી અમારી સાથે નથી, પણ તમારા સંસ્કાર, તમારા આશીર્વાદ હંમેશા અમારી સાથે છે. હે પ્રભુ, મારી 'મમ્મી' ની દિવ્ય આત્માને તારા ચરણોમાં શાંતિ આપજે.
ૐ શાંતિ
લિ.
અનિલભાઈ નગીનભાઈ પટેલ (જમાઈ) | સંજયભાઈ છીમુભાઈ પટેલ (જમાઈ)
શીતલબેન અનિલભાઈ પટેલ (પુત્રી) (ભીમરાડ) | મોનલબેન સંજયભાઈ પટેલ (પુત્રી) (સોનારી)
વસંતભાઈ ગોપાળભાઈ પટેલ (પતિ)
કેતનભાઈ વસંતભાઈ પટેલ (પુત્ર) | કરિશ્માબેન કેતનભાઈ પટેલ (પુત્રવધુ)
ધ્યાન, વિધિ
ભાણેજ:- પ્રિયાન્સી, પરિમલ, સલોની, યશ, પ્રિન્સ, જેન્સી, સાહિલ, પ્રિશ્રી
સ્વ. મંજુલાબેન વસંતભાઈ પટેલ
સ્વ. તા. ૨૪/૦૫/૨૦૨૬